યુનિટ 1

# વસ્તી અને સમાજ વચ્ચે સંબંધ તથા ભારતમાં વસ્તી અભ્યાસોની જરૂરિયાત

## (Relation between Population and Society and Need of Population studies in India)

- પરિચય
1. વસ્તી અને સમાજ વચ્ચેનો સંબંધ
2. ભારતમાં વસ્તી અભ્યાસની આવશ્યકતા

## • પરિચય

સમાજનો જૈવિક આધાર રહેલો છે. વસ્તી જૈવિક ઘટના છે. જન્મ અને મૃત્યુ જૈવિક પ્રક્રિયાઓ છે. સમાજનું અંતિમ એકમ વ્યક્તિ છે. સમાજમાં વ્યક્તિઓની સંખ્યા અર્થાત્ જનસંખ્યાને વસ્તી કહેવાય. વસ્તી વિના સમાજ સંભવી શકે નહીં. સમાજના સાતત્ય માટે વસ્તીનું સાતત્ય અનિવાર્ય છે. સમાજમાં નવા સભ્યોની નિરંતર ભરતી સમાજમાન્ય પ્રજોત્પાદન દ્વારા થાય છે. દરેક સમાજમાં મોટા ભાગના નવા સભ્યોની ભરતી પેઢી દર-પેઢીથી પ્રજોત્પાદન ઉપર જ આધાર રાખે છે. પ્રત્યેક સમાજમાં નવા સભ્યોની ભરતી કરવા માટે પ્રજોત્પાદનની પદ્ધતિ નક્કી કરતાં અને નિયંત્રિત કરતાં સામાજિક ધોરણો અને મૂલ્યો હોય છે એટલે પ્રજોત્પાદન એ માત્ર જૈવિક ઘટના નથી પણ સામાજિક- સાંસ્કૃતિક ઘટના પણ છે. પ્રત્યેક સમાજમાં પ્રજોત્પાદન કુટુંબની સાર્વત્રિક સામાજિક સંસ્થા દ્વારા થાય છે. પ્રત્યેક સમાજ પરિણીત યુગલને સંતાન હોવા અંગે ધોરણો ધરાવે છે. કેટલાંક સમાજોમાં ઓછા સંતાનો હોવા ઉપર તો કેટલાંક સમાજમાં વધુ સંતાનો હોવા ઉપર ભાર મુકાય છે. આથી સમાજશાસ્ત્ર વસ્તીનો અભ્યાસ સમાજશાસ્ત્રીય દૃષ્ટિબિંદુથી કરે છે. સમાજે પોતાનું અસ્તિત્વ અને સાતત્ય ટકાવી રાખવા માટે વસ્તીની જાળવણી કરવી અનિવાર્ય છે.વસ્તીની જાળવણી એ સમાજની પ્રાથમિક અને સાર્વત્રિક સામાજિક જરૂરિયાત છે. આથી જ વસ્તી સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રનો ભાગ છે. સમાજશાસ્ત્ર વસ્તી અને સમાજ વચ્ચેના સંબંધો તપાસે છે. વસ્તીમાં ચાલતી પ્રજનન, મૃત્યુની જૈવિક પ્રક્રિયાઓ વસ્તીનું કદ નક્કી કરે છે. વસ્તીનું કદ અને બંધારણ સમાજ ઉપર અસર કરે છે અને સમાજ વસ્તીના કદ

Scanned with OKEN Scanner

અને બંધારણ ઉપર અસર કરે છે. આમ, વસ્તી સમાજ ઉપર અને સમાજ વસ્તી ઉપર અસર કરે છે, એટલે સમાજશાસ્ત્ર વસ્તી અને સમાજ વચ્ચેની આંતરક્રિયાનો અભ્યાસ કરે છે.

વસ્તી અંગેના અભ્યાસો વસ્તીશાસ્ત્ર સાથે સંકળાયેલ છે. **વસ્તીશાસ્ત્ર** વસ્તીમાં થતા ફેરફારો અને વસ્તી પરિવર્તનનાં પરિબળોનો અભ્યાસ કરે છે તેમજ તે વસ્તીના સામાજિક, આર્થિક, રાજકીય, સુપ્રજનનશાસ્ત્રીય, ભૌગોલિક અને અન્ય પરિવર્ત્યોનો તથા વસ્તીનાં પરિવર્તનો એ બંને વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરે છે.

**દુર્ખિમે** સમાજશાસ્ત્રની એક શાખા તરીકે સામાજિક સ્વરૂપશાસ્ત્ર (Social morpho-logy)નો અભ્યાસ કરવા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે વસ્તીના કદ અને ઘનતાના આધારે વિભિન્ન સમાજોનું વર્ગીકરણ કરવા સૂચવ્યું હતું. દુર્ખિમના મતે વસ્તીનું કદ એટલે સમાજમાં વ્યક્તિઓની કુલ સંખ્યા અને ઘનતા એટલે સમાજમાં સામાજિક સંબંધોની સંખ્યા. તેમણે એવું વિધાન કર્યું કે વસ્તીનું કદ વધતાં વસ્તીની ઘનતા વધે છે અને તે રીતે વસ્તીનું કદ અને ઘનતા સમાજ રચનાના તફાવતો સર્જે છે. ટૂંકમાં, વસ્તી અને સમાજરચના વચ્ચે પારસ્પરિક સંબંધ રહેલો છે. વસ્તીમાં આવતાં પરિવર્તનો સમાજમાં પણ પરિવર્તનો લાવે છે. આથી સમાજશાસ્ત્ર માટે વસ્તી અભ્યાસો ઘણી અગત્ય ધરાવે છે. આથી અહીં આપણે વસ્તી અને સમાજ વચ્ચેના સંબંધોની સમજ મેળવ્યા બાદ ભારતમાં વસ્તીના અભ્યાસોની આવશ્યકતા વિશેની સમજૂતી મેળવીશું.

## 1. વસ્તી અને સમાજ વચ્ચેનો સંબંધ

વસ્તી અને સમાજ વચ્ચેના સંબંધો નીચે મુજબ વર્ણવી શકાય :

**(1) વસ્તીની જાળવણીની જરૂરિયાત :** વસ્તી વિના સમાજ સંભવી શકે નહીં. સમાજે વસ્તીનીજાળવણી માટે માનવીની પોષણ, રક્ષણ અને પ્રજોત્પાદન એ ત્રણ જરૂરિયાતો અનિવાર્યપણે પૂરી પાડવી પડે છે. પોષણથી વ્યક્તિને જીવવાની શક્તિ મળે છે, રક્ષણથી વ્યક્તિને જીવવાની તક મળે છે અને પ્રજોત્પાદનથી માનવજાતિનું સાતત્ય ટકી રહે છે. આમ, માનવીની આ ત્રણ જરૂરિયાતો સંતોષવાના કાર્ય દ્વારા વસ્તીની જાળવણી થાય છે. માનવસમાજમાં પોષણ, રક્ષણ અને પ્રજોત્પાદનની વ્યવસ્થા વિકસેલી છે. સંક્ષેપમાં, સમાજની પહેલી પ્રાથમિક અને સાર્વત્રિક સામાજિક જરૂરિયાત એ છે કે સમાજનું અસ્તિત્વ અને સાતત્ય વસ્તીની જાળવણીની જરૂરિયાત પૂરી પાડવાથી શક્ય બને છે.

**(2) જૈવિક પ્રક્રિયાઓ અને સામાજિક પરિવર્તનો :** માનવજીવનમાં જૈવિક

Scanned with OKEN Scanner

પ્રક્રિયાઓ સતત ચાલ્યા જ કરે છે. આ જૈવિક પ્રક્રિયાઓમાં જન્મ, મૃત્યુ અને પ્રજોત્પાદનનો સમાવેશ થાય છે. આ ત્રણેય પ્રક્રિયાઓમાં થતા ફેરફાર અર્થાત્ તેના પ્રમાણમાં થતી વધઘટ સમાજમાં પરિવર્તન લાવે છે અને આ ત્રણેય પ્રક્રિયાઓમાં સમાજનો હસ્તક્ષેપ વસ્તીના કદ, વસ્તીનું બંધારણ, વસ્તીના આરોગ્યમાં ફેરફાર કરે છે. આ રીતે જૈવિક પ્રક્રિયાઓ અને સમાજ પરસ્પરને અસર કરે છે. જાતીય સંબંધો પરનાં નિયંત્રણો, લગ્નનો પ્રકાર, કુટુંબનું કદ વગેરે અંગેનાં સામાજિક ધોરણો જૈવિક પ્રક્રિયાનું નિયંત્રણ કરે છે. બાલિકાહત્યાની પ્રથા કે ભ્રૂણહત્યાના કિસ્સા સમાજમાં સ્ત્રી-પુરુષના પ્રમાણમાં અસમતુલા ઊભી કરે છે. સંતતિ- નિયમનની પદ્ધતિ જન્મદરમાં ઘટાડો કરે છે. આરોગ્ય સુવિધાો મૃત્યુદર ઘટાડે છે. આમ સમાજ જૈવિક પ્રક્રિયાઓ ઉપર અસર ઉપજાવી વસ્તીના બંધારણ એટલે કે સમાજમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ, બાળકો, યુવાનો અને વૃદ્ધોના પ્રમાણ ઉપર અસર કરે છે.

**(3) વસ્તીના કદ અને સામાજિક પરિવર્તન :** વસ્તીના કદમાં વધારો કે ઘટાડો એટલે કે વસ્તીની સંખ્યામાં વધારો કે ઘટાડો સમાજમાં પરિવર્તનો નિપજાવે છે. વસ્તીનું કદ વધી જાય અને તે સતત વધતું જાય તો વસ્તીની ખોરાક, રહેઠાણ, શિક્ષણ, મનોરંજન વગેરે જરૂરિયાતો પૂરી પાડવામાં અવરોધ ઊભો થાય અને તે વસ્તીમાં અસંતોષનું કારણ બની આંદોલનો પણ પેદા કરે અને રાજકીય જીવન પર અસર ઉપજાવે. જન્મપ્રમાણ અને મૃત્યુપ્રમાણમાં થતા સતત ઘટાડાના કારણે સામાજિક સમસ્યાઓ પણ ઉદ્ભવ છે. કેટલાક સમુદાયો અને દેશોમાં જન્મપ્રમાણ ઘણું નોંધપાત્ર રીતે ઘટી જતાં તે દેશની પ્રજાનો એક જાતિ તરીકે સમય જતાં નાશ થઈ જશે એવો ભય પણ કેટલાક વિદ્વાનો સેવી રહ્યા છે. વસ્તીના કદમાં અસાધારણ વૃદ્ધિ થતાં સમાજમાં વસ્તીનું કદ ઘટાડવા માટેની પ્રયુક્તિઓ શોધવા વૈજ્ઞાનિક શોધખોળો થાય છે, નવી સંસ્થાઓ વિકાસ પામે છે અને નવાં મૂલ્યો તથા વલણો વિકસે છે.

**(4) વસ્તીનું બંધારણ અને સામાજિક પરિવર્તન :** વસ્તીનું બંધારણ એટલે વસ્તીમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ, બાળકો, યુવાનો અને વૃદ્ધોનું પ્રમાણ, ગ્રામીણ અને શહેરી વસ્તીનું પ્રમાણ, વિભિન્ન જાતિઓમાં વસ્તીનું પ્રમાણ, વિભિન્ન ધાર્મિક સમુદાયોની વસ્તીનું પ્રમાણ વગેરે. વસ્તીના બંધારણમાં થતા ફેરફારથી વસ્તીની અસમતુલા પેદા થાય છે, જે સમસ્યાઓ પેદા કરે છે. દા. ત., વસ્તીમાં બાળકોનું પ્રમાણ વધવાથી અને વૃદ્ધોનું પ્રમાણ વધવાથી યુવાનો ઉપર આર્થિક બોજો વધે છે. સમાજમાં કામ નહીં કરનારાની સંખ્યા વધવા પામે છે એટલે આધારિતોનાં

વધુ પ્રમાણથી કમાનાર યુવાનો ઉપર બોજો વધે છે. આવી અસમતુલા વૃદ્ધોન સમસ્યા પેદા કરે છે. બાળકોનું પ્રમાણ વધવાની સાથે તેમની જરૂરિયાતો પૂર પાડતા સાધનોની તંગી પેદા થાય છે. આમ, વસ્તીનાં વયજૂથોના પ્રમાણમ ફેરફાર થતાં કેટલાંક મૂળભૂત પરિવર્તનો આવવા લાગે છે. જેમકે સમાજ વૃદ્ધાભિમુખમાંથી બાલ્યાભિમુખ અને યુવાભિમુખ બને છે. આથી વસ્તીના બંધારણમાં પરિવર્તનો લાવવા માટેના પ્રયાસરૂપે સમાજમાં નવી સંસ્થાઓનું નિર્માણ થવા લાગે છે.

**(5) આનુવંશિકતા અને સામાજિક પરિવર્તન :** વ્યક્તિને મા-બાપ પાસેથી મળતો આનુવંશિક વારસો એ જૈવિક પ્રક્રિયા છે. આ પ્રક્રિયા પણ સમાજમાં પરિવર્તનો નિપજાવે છે. જન્મતાં નવાં બાળકો શારીરિક અને માનસિક રીતે તેનાં માતાપિતાથી ઘણી બાબતોમાં જુદાં પડે છે. દરેક નવી જન્મતી પેઢી તેમનાં મા-બાપની પેઢી કરતાં જુદી પડે છે. આ ઘટના સામાજિક પરિવર્તન નિપજાવે છે. નવી પેઢી જૂની સમાજવ્યવસ્થા અને સામાજિક વારસો જાળવી રાખીને બેસી રહેવાને બદલે તેમાં કાંઈક નવાં તત્ત્વોનો ઉમેરો કેર છે. નવી પેઢી નવી શોધો કરે છે, નવા દરજ્જા, નવી ભૂમિકાઓ, નવાં મૂલ્યો અને નવાં સાધનો વિકસાવે છે. આ ઘટના પોતે જ સામાજિક પરિવર્તન છે. કેટલીક વખત વારસાગત રીતે ઊતરી આવતા શારીરિક -માનસિક રોગોની અસર વસ્તીની ગુણવત્તા ઉપર થાય છે. આ ઘટના સામાજિક સંબંધો ઉપર અસર કરે છે. વિકલાંગોનો પ્રશ્ન ઊભો થાય છે ત્યારે તેમના પુનર્વસનનાં ક્રિયાતંત્રો અને યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે.

## 2. ભારતમાં વસ્તીના અભ્યાસની આવશ્યકતા

સમગ્ર વિશ્વ વસ્તીવિસ્ફોટની સમસ્યાનો સામનો કરી રહ્યું છે. ભારત અતિવસ્તીની સમસ્યાનો સામનો કરી રહેલ છે. 1951માં ભારતની વસ્તી લગભગ 36 કરોડ હતી તે વધીને 2001ની સાલમાં એક અબજથી પણ વધુ થવા પામી છે. ભારતમાં આ વસ્તીવધારાને વસ્તી વિસ્ફોટ તરીકે ઘટાવવામાં આવે છે. વસ્તીવૃદ્ધિ એ જૈવકીય ઘટના છે, કારણ કે તે જન્મદર અને મૃત્યુદર વચ્ચેના સંબંધ ઉપર આધારિત છે. પરંતુ આ સંબંધ માનવજીવન ઉપર અસર ઉપજાવે છે. જ્યાં સુધી વસ્તીવૃદ્ધિ માનવજીવન માટે અનુકૂળ હોય ત્યાં સુધી તે સમસ્યારૂપ બનતી નથી, પરંતુ જ્યારે માનવજીવન ઉપર તેની વિપરીત અસર થાય, માનવજીવન માટે તેવી અસર અનિચ્છનીય ગણાવા લાગે, સમાજના ઘણા લોકોને એમ લાગે કે આવી વિપરીત અસર દૂર કરવા માટે સામૂહિક પગલાં હાથ ધરવામાં ન આવે તો તેવી વસ્તીવૃદ્ધિ બેરોજગારી, પોષણક્ષમ આહારની

Scanned with OKEN Scanner

તંગી, વસવાટોની તંગી, ગરીબી, બાળમરણ અને માતૃમરણ, શારીરિક અને માનસિક રીતે રોગિષ્ઠ વ્યક્તિઓનું વધુ પ્રમાણ, માથાદીઠ ઓછી આવક, આર્થિક-સામાજિક વિકાસની મંદ ગતિ, જનરેશનગેપ, પર્યાવરણનું અવપતન, વગેરે અનેકવિધ સમસ્યાઓમાં એક કારણ બની રહે છે. જો કે, આ બધી સમસ્યાઓમાં આ એક માત્ર કારણ નથી પરંતુ તેમાં ઝડપી વસ્તીવૃદ્ધિને અગત્યનું કારણ ગણવામાં આવે છે. આ દૃષ્ટિએ ભારતમાં વસ્તીના અભ્યાસોની આવશ્યકતા રહેલી છે. વસ્તીશાસ્ત્ર વસ્તીનું વિજ્ઞાન છે. તે વસ્તીનાં વિભિન્ન પાસાંનો અભ્યાસ કરે છે. આવા અભ્યાસો સમાજશાસ્ત્ર અને સામાજિક ઘટનાઓ અને ખાસ કરીને સામાજિક પરિવર્તનને સમજવામાં તેમજ વસ્તીવૃદ્ધિથી ઉદ્ભવતી સમસ્યાઓને સમજવામાં ઉપયોગી બને છે. ભારતમાં વસ્તીના અભ્યાસોની આવશ્યકતા અનુગામી ચર્ચા પરથી સ્પષ્ટ થશે.

**(1) આયોજિત સામાજિક પરિવર્તન માટે :** કોઈ પણ સમાજમાં અમુક ચોક્કસ અને નિર્ધારિત દિશા તરફનાં આયોજનપૂર્વકનાં સામાજિક પરિવર્તનો લાવવા માટે વસ્તીને લગતી માહિતી જરૂરી બને છે. આવી માહિતીના અભાવમાં આયોજનનો માર્ગ અને સાધનો પસંદ કરવાનું કામ કઠિન બને છે, એટલું જ નહીં પણ આયોજનનાં પગલાં નિષ્ફળ જવાનો પણ સંભવ રહે છે. ભારતે આયોજિત પરિવર્તનનો માર્ગ સ્વીકાર્યો છે. વિવિધ પંચવર્ષીય યોજનાઓ દ્વારા સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં હેતુ પૂર્વકનાં પરિવર્તનનો લાવવાનો પ્રયાસ આરંભાયો છે. આને માટે સ્વાભાવિક રીતે જ દેશના વિવિધ ભાગોની વસ્તીવિષયક બાબતોની વૈજ્ઞાનિક જાણકારી આવશ્યક બને છે. વસ્તી અંગેની વૈજ્ઞાનિક અને વિશ્વસનીય માહિતી ઉપલબ્ધ ન હોય તો સામાજિક-આર્થિક પરિસ્થિતિમાં પરિવર્તન લાવવાનાં આયોજિત પગલાં લેવાની કોઈ દિશાસૂઝ સાંપડે નહીં તે દેખીતું છે. આવી માહિતી વસ્તીના અભ્યાસો દ્વારા જ પ્રાપ્ત થઈ કે. દેશમાં દર દસ વર્ષે વસ્તીગણતરીનું વ્યાપક કામ હાથ પર લેવામાં આવે છે તેની પાછળ પણ વસ્તીના જુદા જુદા ભાગો વિશે સાચી માહિતી મેળવવાનો હેતુ રહેલો છે. આમ, આયોજિત સામાજિક પરિવર્તનની પ્રક્રિયા ઝડપી, હેતુલક્ષી અને સફળ બનાવવા માટે વસ્તીના અભ્યાસો જરૂરી બની રહે છે.

**(2) વસ્તીનીતિ ઘડવા માટે :** ભારત એક વિકસતો દેશ છે. વિકાસનાં ફળો લોકોને પૂરતા પ્રમાણમાં લાંબા ગાળા સુધી મળી રહે એ હેતુથી સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ચોક્કસ સ્વરૂપની વસ્તીનીતિ ઘડવાનું દેશ માટે જરુરી બન્યું. દસવાર્ષિક વસ્તીગણતરી, સમયાંતરે વસ્તીવિષયક મોજણીઓ અને સર્વેક્ષણો વગેરે પરથી



Scanned with OKEN Scanner

જણાયું કે દેશમાં ઊંચા જન્મદરનાકારણે અને મૃત્યુદરમાં થઈ રહેલા મોટા ઘટાડાને-કારણે વસ્તીનું કદ કૂદકે ને ભૂસકે વધી રહ્યું છે. આ વસ્તીવૃદ્ધિ દેશની આર્થિક પ્રગતિ સામે મોટો અવરોધ ખડો કરે છે. એટલું જ નહીં આને પરિણામે ગરીબી, બેકારી અને અપૂરતા ખોરાક તથા પોષણની સમસ્યાઓ પણ ઉત્તરોત્તર વધુ જટિલ બની રહી છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને ભારતે સ્વાતંત્ર્ય બાદ સામાજિક-આર્થિક આયોજનના ભાગરૂપે વસ્તીનિયંત્રણની નીતિ અપનાવી છે. વસ્તીનિયંત્રણના હેતુસર કુટુંબનિયોજનનો રાષ્ટ્રીય કાર્યક્રમ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે કોઈપણ દેશે પોતાની વસ્તી અંગેની નીતિ ઘડવા માટે વસ્તીને લગતા અભ્યાસો કરીને આધારભૂત માહિતી મેળવવાનું જરૂરી બને છે. જેમ કે, વસ્તીનું કદ, વયજૂથો, જન્મદર, મૃત્યુદર, બાળમરણ, સ્ત્રી-પુરુષ પ્રમાણ, બેકારો અને કામદારોની વસ્તી, ગ્રામીણ વસ્તી, શહેરી વસ્તી વગેરે આંકડાઓની અને માહિતીની જરૂર પડે છે. એટલું જ નહીં વસ્તીનીતિ ઘડ્યા પછી તેના સફળ અને અસરકારક અમલ માટે પણ વસ્તીનાં અભ્યાસો જરૂરી બને છે.

**(3) ઉદ્યોગીકરણ અને શહેરીકરણના આયોજન માટે :** સ્વતંત્ર ભારતમાં વિવિધ ક્ષેત્રે કૃષિ અને બિનકૃષિ ઉદ્યોગો વિપુલ પ્રમાણમાં વિકસવા લાગ્યા છે અને આની સમાંતરે શહેરી વસ્તીમાં પણ વધારો થવા લાગ્યો છે. મોટા કદનાં મહાનગરોમાં વસ્તીનો વધારો થઈ રહ્યો છે અને નાના કદનાં શહેરોની સંખ્યા પણ વધી રહી છે. મહાનગરોમાં ગંદા વિસ્તારો, ગુનાખોરી અને સામાજિક સંઘર્ષોની સમસ્યાઓ તીવ્ર બનવા લાગી છે. આ સંદર્ભમાં જોતાં જણાશે કે ભારત જેવા વિકસતા દેશમાં ઔદ્યોગિક અને શહેરી વિકાસનું બુદ્ધિપૂર્વકનું આયોજન કરવામાં ન આવે તો તેનાં ગંભીર પરિણામો આવવાનો સંભવ છે. પરંતુ ઔદ્યોગિક - શહેરી આયોજન કરવા માટે કેટલીક વસ્તી વિષયક માહિતી જેવી કે, ગામડાંઓમાંથી શહેરોમાં સ્થળાંતર કરતા લોકોની સંખ્યા, શહેરોમાં વિકસી રહેલા જુદા જુદાં ઉદ્યોગો અને તેમાં કામ કરતા કામદારોની સંખ્યા, આ કામદારોની કામની પરિસ્થિતિ અને ભૌતિક સુખ-સગવડો, ગંદા વિસ્તારોમાં વસવાટ કરતી વસ્તીની સંખ્યા, જુદાં જુદાં વ્યાવસાયિક જૂથોનો જન્મદર અને મરણદર, ખેતમજૂરોની સંખ્યા, ખેતીની જમીન પર નભતા લોકોની સંખ્યા, દેશનું કુલ વર્કીંગ પોપ્યુલેશન અને તેમાં સ્ત્રીઓની સંખ્યા વગેરે બાબતોની માહિતી જરૂરી બને છે. આમ, ઉદ્યોગીકરણ અને શહેરીકરણની પ્રક્રિયાનું વ્યવસ્થિત, સંકલિત અને વૈજ્ઞાનિક ઢબે આયોજન કરવા માટે વસ્તીને લગતા અભ્યાસો કરીને ઔદ્યોગિક-શહેરી વસ્તીની જીવનપરિસ્થિતિ વિશે માહિતી મેળવવાનું જરૂરી બને છે.

Scanned with OKEN Scanner

**(4) સામાજિક-આર્થિક સમસ્યાઓ હલ કરવા માટે :** ભારત વિશાળ જનસંખ્યા ધરાવતો આર્થિક ક્ષેત્રે વિકસતો દેશ છે. ગરીબી, બેરોજગારી, આપઘાત, નિરક્ષરતા, અસ્પૃશ્યતા, ગુનાખોરી, શહેરી ગંદા વિસ્તારો અને પ્રદૂષણ, બાળમરણનો ઊંચો દર, શારીરિક-માનસિક ખોડખાંપણ ધરાવતી વ્યક્તિઓની મોટી સંખ્યા, ધાર્મિક, કોમી, વર્ગીય અને જ્ઞાતિવાદી સંઘર્ષો વગેરે વિવિધ સામાજિક - આર્થિક સમસ્યાઓ ભારતીય સમાજમાં ઉદ્ભવી છે. આ સમસ્યાઓ યોગ્ય રીતે હલ કરવા માટે પગલાં લેવાની જરૂર પડે છે. ભારત જેવો દેશ કે જે આર્થિક સાધનોની તંગી અનુભવી રહ્યો છે તે સમસ્યાઓ હલ કરવા માટે સાધનોનો બુદ્ધિ અને સમજપૂર્વક ઉપયોગ ન કરે તો સાધનોની બરબાદી થાય અને સમસ્યાઓ તો ઊભી જ રહે. યોગ્ય સ્વરૂપનાં પગલાં લેવા માટે વસ્તીના અભ્યાસો દ્વારા વૈજ્ઞાનિક માહિતી ઉપયોગી બને છે.

**(5) કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદનવૃદ્ધિ માટે :** કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદનનું લાંબાગાળાનું આયોજન વિકસતા દેશ માટે પૂર્વજરૂરિયાત સમું બની રહે છે અને આને માટે દેશની વસ્તીવિષયક જાણકારી અનિવાર્ય બને છે. એમ મનાય છે કે ખેત વ્યવસાય જેટલા લોકોને રોજગારી પૂરી પાડવાની ક્ષમતા ધરાવે છે એના કરતાં વધુ વસ્તી તેમાં રોકાયેલી છે. એટલે કે, ખેતી પર વસ્તીનો બોજો હોવો જોઈએ એના કરતાં વધારે છે. આથી ખેતીના વ્યવસાયમાં બેકારી અને અર્ધબેકારીની પરિસ્થિતિ ઊભી થઈ છે. ખેતીનો સુઆયોજિત વિકાસ કરવા માટે આ વ્યવસાયમાં કેટલાં પરિવારો રોકાયેલાં છે, તેમની કુલ સભ્યસંખ્યા કેટલી છે, માથાદીઠ જમીન અને ખેતઉત્પાદનનું પ્રમાણ કેટલું છે, ખેતમજૂરો અને ગ્રામીણ બેકારોની સંખ્યા કેટલી છે તે બધી માહિતીની જરૂર પડે છે. તે જ રીતે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ગૃહઉદ્યોગોમાં કામ કરતા માણસોની સંખ્યા, તેમની આવક, કામની પરિસ્થિતિ, કામદારોનું શૈક્ષણિક સ્તર, કામદારોનાં વયજૂથો અને તેમનો જન્મદર વગેરે વસ્તીવિષયક માહિતી આપણી પાસે ન હોય તો ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ સાધવા માટે શું કરવાની જરૂર છે તેનો યોગ્ય નિર્ણય લઈ શકાય નહીં. ભારતમાં પરંપરાગત રીતે ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં ઘણા લોકો નાના પાયા પરના ગૃહઉદ્યોગો પર નભે છે. આ ક્ષેત્રે કામ કરતા લોકોને કાચો માલ, મૂડી, બજાર, પરિવહન, વેચાણવ્યવસ્થા વગેરે અંગે ભારે પરેશાની વેઠવી પડે છે. નાના પાયા પરના ગૃહઉદ્યોગો દેશના અર્થતંત્રના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપી શકે તેમ છે, પરંતુ તેને અંગે જરૂરી માહિતીના અભાવે વ્યવસ્થિત આયોજન થઈ શકતું નથી. દેશના જુદા જુદા વિસ્તારોમાં વસ્તીવિષયક અભ્યાસો,

Scanned with OKEN Scanner

સર્વેક્ષણો, સંશોધનનો કરીને વિશ્વસનીય માહિતી ઉપલબ્ધ કરવામાં આવે તો આ ક્ષેત્રે હજી આગળ વિકાસની શક્યતાઓ હાંસલ કરવાની મોટી તક રહેલી છે. આ દૃષ્ટિબિન્દુથી જુદા-જુદાં રાજ્યોમાં સરકારપ્રેરિત અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ઓછાવત્તા પ્રમાણમાં આવા અભ્યાસો હવે થવા લાગ્યા છે.

**(6) શૈક્ષણિક ક્ષેત્રના વિકાસ માટે :** ભારતમાં છેલ્લા એક દસકા દરમિયાન યુનિવર્સિટીઓ અને કોલેજોમાં સમાજશાસ્ત્રના તથા અર્થશાસ્ત્રના વિષયોના શિક્ષણમાં વસ્તીશાસ્ત્રના અભ્યાસક્રમોનું શિક્ષણ અપાવા લાગ્યું છે. કેટલીક યુનિવર્સિટીઓએ કોલેજોમાં હવે વસ્તી શિક્ષણને એક સ્વતંત્ર વિષય તરીકે અને જુદા પ્રશ્નપત્ર તરીકે પણ સ્થાન મળ્યું છે. આથી વિદ્યાર્થીઓને વસ્તીના પ્રશ્નો, વસ્તીનું કદ, જન્મદર, મૃત્યુદર, બાળમરણ, વયજૂથો વસ્તીની ગુણવત્તા, વસ્તીનિયંત્રણ, વસ્તી સુધારણા કાર્યક્રમો વગેરે અનેકવિધ મુદ્દાઓનું વૈજ્ઞાનિક શિક્ષણ આપવાની જરૂર પડે છે. આ બધી વસ્તીવિષયક માહિતી કેવળ દસવાર્ષિક વસ્તી ગણતરીના અહેવાલો પરથી મળી શકતી નથી. આને માટે દેશના વિવિધ વિસ્તારો પસંદ કરીને વસ્તીશાસ્ત્રીય મોજણીઓ અને સંશોધનો કરતાં રહેવાની જરૂર પડે છે. વિદ્યાર્થીઓને અને આ વિષયનું શિક્ષણકાર્ય કરતા અધ્યાપકોને વસ્તીને લગતી ઘટનાઓ વિશે તાજી અને છેલ્લામાં છેલ્લી માહિતીથી વાકેફ રાખવા માટે ઉપર જણાવેલી વિવિધ બાબતોને લગતા અભ્યાસો કરવાની જરૂર પડે છે. આવા અભ્યાસો અને સંશોધનોને વેગ આપવા માટે દેશની કેટલીક સંશોધન-સંસ્થાઓ અને યુનિવર્સિટીઓના સંશોધન વિભાગો પ્રયાસ કરે છે. વસ્તીના વિષયો પર સંશોધન કરવા માગતા વિદ્યાર્થીઓ, સ્કોલરો, સંશોધકો અને અધ્યાપકોને યુ.જી.સી; આઈ. સી. એસ. એસ. આર, રાજ્ય સરકારનાં કુટુંબનિયોજન ખાતાંઓ, યુનિવર્સિટીઓ વગેરે સંસ્થાઓ તરફથી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. પશ્ચિમના દેશોમાં થયેલા અભ્યાસો પરથી વસ્તીશાસ્ત્રમાં જે સિદ્ધાંતો વિકસ્યા છે તે ભારતની વિશિષ્ટ પરિસ્થિતિને કેટલે અંશે લાગુ પડે છે તેની ચકાસણી કરવાના શૈક્ષણિક દૃષ્ટિબિન્દુથી પણ વસ્તીશાસ્ત્રીય સંશોધનો કરવાની જરૂર પડે છે. વળી અન્ય સામાજિક વિજ્ઞાનો જેવાં કે સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ વગેરેનું યથાર્થ શિક્ષણ આપવા માટે વસ્તીનાં પરિબળો લક્ષમાં લેવાં પડે છે, કારણ કે, સામાજિક સંબંધો, સંસ્કૃતિ, અર્થકારણ, રાજ્યવસ્થા વગેરેના ઘડતર, વિકાસ અને પરિવર્તનમાં વસ્તીનાં પરિબળો ઘણો ભાગ ભજવે છે. આવાં પરિબળોનું જ્ઞાન મેળવવા માટે વસ્તીવિષયક અભ્યાસો કરવાનું જરૂરી બને છે. ટૂંકમાં, યુનિવર્સિટી, કોલેજો અને શાળા કક્ષાએ વસ્તી

Scanned with OKEN Scanner

અંગેનું વૈજ્ઞાનિક શિક્ષણ આપવા માટે અને આ વિષયનો ઉત્તરોત્તર વિકાસ સાધવા માટે આવા અભ્યાસો કરવા જરૂરી છે.

**(7) વસ્તીવૃદ્ધિનો ભાવિ પ્રવાહ જાણવાં માટે :** ભારતની ભૂતકાળની વસ્તી, હાલની વસ્તી, જન્મદર, મરણદર, સ્ત્રી-પુરુષ પ્રમાણ, ગ્રામીણ અને શહેરી વસ્તી, વયજૂથો, ધાર્મિક અને ભાષાકીય જૂથો વગેરે વસ્તીના અભ્યાસો કરીને જે માહિતી મળે તેના પરથી વસ્તીનો ભાવિ પ્રવાહ કઈ દિશા તરફનો છે તેની જાણકારી મેળવી શકાય છે. ભારતના અને વિશ્વના કેટલાક વસ્તીના અભ્યાસીઓએ ભારતની વસ્તી વૃદ્ધિનો હાલનો દર ધ્યાનમાં રાખીને એવી આગાહી કરેલી હતી કે જો આ વૃદ્ધિદર ચાલુ રહે તો આ સદીના અંતે ભારતની વસ્તી આશરે 100 કરોડ થવાનો સંભવ છે. આ આગાહી સાચી ઠરી છે. તે જ રીતે કુટુંબનિયોજનના કાર્યક્રમો તરફનાં લોકોનાં વલણોનો અભ્યાસ કરીને આ દિશામાં આગામી વરસોમાં કેટલાં નવાં જન્મો અટકાવી શકાશે તેનો અંદાજ બાંધી શકાય છે.

**(8) રાજકીય સમતુલા સ્થાપવા માટે :** રાજકીય શાસકો અને રાજ્યના વહીવટકારોને પણ વસ્તીશાસ્ત્રીની આધારભૂત માહિતી ઘણી ઉપયોગી નીવડે છે. ધાર્મિક અને ભાષાકીય લઘુમતી અને બહુમતી લોકો વચ્ચેના સંબંધો કેટલીક વખત રાજકીય સમસ્યાઓ ઊભી કરે છે. ભારતમાં ભાષાવાર પ્રાંતરચના કરવાની જરૂર ઊભી થઈ હતી તે આનું ઉદાહરણ છે. દેશના જુદા જુદા ભાગોમાં ધાર્મિક, ભાષાકીય અને જ્ઞાતિની દૃષ્ટિએ વસ્તીના કેન્દ્રીકરણની કેવી ઢબ ઉદ્ભવી છે તેનો સાચો ખ્યાલ રાજ્યના શાસકો પાસે ન હોય તો રાજકીય ક્ષેત્રે અસમતુલા ઊભી થવાનો સંભવ રહે છે. દેશમાં પ્રસંગોપાત્ત થતાં ધાર્મિક, કોમી અને ભાષાકીય રમખાણોને અસરકારક રીતે પહોંચી વળવા માટે તથા તેનું કાયમી નિરાકરણ લાવવા માટે જુદા જુદા ધાર્મિક સમૂહો, ભાષાસમૂહો અને કોમોની વસ્તી, તેમના આર્થિક પ્રશ્નો, વ્યવસાયો વગેરે અંગે શાસકોએ જાણકારી મેળવવી પડે છે. દેશનાં ધારાતંત્રોમાં અને રાજ્યની વહીવટી નોકરીઓમાં કોને કેટલું પ્રતિનિધિત્વ આપવું તેનો નિર્ણય લેવા માટે વસ્તીશાસ્ત્રીય માહિતીની જરૂર પડે છે. લોકશાહી દેશમાં સામાજિક અને આર્થિક રીતે પછાત છે એવા લોકોના ઉત્કર્ષનો કોઈ પ્રયાસ રાજ્ય તરફથી કરવામાં ન આવે તો ક્રાંતિ કે બળવાનો ભય પેદા થાય છે અને છેવટે લોકશાહી શાસનપદ્ધતિ સામે ખતરો ઊભો થાય છે. તેઓના ઉત્કર્ષ માટેનાં પગલાં લેવા માટે તેમની વસ્તીનું કદ અને તેમના વસવાટના વિસ્તારો વિશે માહિતી મેળવવાનું શાસકોને માટે જરૂરી બને છે. દેશના વહીવટ અને શિક્ષણ માટે કઈ ભાષાને કેટલું મહત્ત્વ આપવું તે બાબત નક્કી કરવા માટે જુદી જુદી ભાષાઓ

Scanned with OKEN Scanner

બોલતા લોકોની સાચી સંખ્યા જાણવી પડે છે. આ બધી માહિતી વસ્તીના અભ્યાસ દ્વારા મેળવવામાં આવે છે અને તે રાજ્યના શાસકોને રાજ્યવહીવટમાં સમતુલા અને સ્થિરતા જાળવવા માટે અત્યંત ઉપયોગી નીવડે છે.

**(9) સામાજિક કાનૂનીકરણ માટે :** સમાજમાં આયોજિત પરિવર્તન અને વિકાસ માટે રાજ્યે કાનૂનો ઘડવાની જરૂર પડે છે. સમાજ અને સમાજની સંસ્થાઓ પર અસર કરતા કાયદા ઘડતાં પહેલાં કેટલીક વસ્તીવિષયક માહિતી મેળવવી જરૂરી છે. દા. ત. ભારતમાં લગ્ની વયવર્યાદાનો કાયદો, ગર્ભપાતને કાનૂની માન્યતા પ્રદાન કરતો કાયદો, શૈક્ષણિક અને વહીવટી નોકરીઓમાં અનામત જગ્યાઓની જોગવાઈ કરતો કાયદો વગેરે કાયદા કેટલીક ચોક્કસ વસ્તીવિષયક માહિતીના આધારે ઘડવામાં આવ્યા છે. ભારતમાં જૂના વખતથી છોકરીઓને નાની ઉંમરે પરણાવી દેવાની પ્રથા હતી. આ પ્રથાને લીધે સ્ત્રીનો પ્રજનનકાળ લાંબો ચાલતો અને તે વધુ બાળકોને જન્મ આપતી. અતિવસ્તીની સમસ્યા પેદા કરવામાં છોકરીનાં નાની ઉંમરે થતાં લગ્નો એક અગત્યનું પરિબળ હતું. સમાજની આ પ્રચલિત પ્રથામાં પરિવર્તન લાવવા માટે છોકરા અને છોકરીના લગ્નસમયની ઉંમર નિર્ધારિત કરતો કાયદો ઘડવામાં આવ્યો. ટૂંકમાં, સમાજના કલ્યાણ, વિકાસ અને પરિવર્તન માટે કાયદા ઘડવાની જરૂર પડે છે અને કાયદાઓ ઘડવા માટે વસ્તીવિષયક અભ્યાસો કરીને માહિતી મેળવવી પડે છે.

**(10) સામાજિક જાગૃતિ પેદા કરવા માટે :** સામાજિક પરિવર્તન કેવળ કાયદાઓ વડે આવી શકતા નથી. ભારતમાં આશરે 73 ટકા જેટલી વસ્તી ગામડાંઓમાં વસે છે અને વસ્તીના 35 ટકા લોકો નિરક્ષર છે. આવી પરિસ્થિતિને કારણે કાયદાઓની અસરકારકતા ઘટી જાય છે. આથી સમાજનાં વલણો, મૂલ્યો અને પરંપરાગત સંસ્થાઓમાં પરિવર્તન લાવવા માટે લોકોમાં જાગૃતિ કેળવવી જરૂરી બને છે. વસ્તીશાસ્ત્રીય અભ્યાસો દ્વારા એકત્ર કરેલી માહિતી, આંકડા, હકીકતો વગેરે છાપાંઓ, ફિલ્મો, ટી.વી. અને આકાશવાણીના કાર્યક્રમોમાં વણી લઈને સામાન્ય લોકો સુધી પહોંચાડવામાં આવે તો લાંબે ગાળે લોકોને વસ્તીના પ્રશ્નોથી સભાન કરી શકાય છે. ભારતમાં આ હેતુથી બે બાળકો વચ્ચેના જન્મ માટે જરૂરી ગાળો, સંતતિનિયમનનાં સાધનો, માતા અને બાળકની આરોગ્ય સંભાળ વગેરે માહિતી આકાશવાણી, ટી.વી. અને પ્રચારાત્મક જાહેરખબરો દ્વારા અસરકારક રીતે રજૂ કરવામાં આવે છે. ટૂંકમાં, લોકોને વસ્તીના પ્રશ્નોથી સભાન બનાવવા માટે જરૂરી બનતી માહિતી એકઠી કરવા માટે વસ્તીશાસ્ત્રીય અભ્યાસો

Scanned with OKEN Scanner

**(11) કાર્યકરોને તાલીમ આપવા માટે :** ભારતમાં અતિવસ્તીની સમસ્યાનું નિરાકરણ લાવવા તથા હાલમાં અત્યંત-ઝડપથી વધી રહેલી વસ્તીના દરને ખાળવા માટે વસ્તીનીતિના એક ભાગ તરીકે કુટુંબનિયોજનનો દેશવ્યાપી કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. દેશના વિશાળ વિસ્તારને ધ્યાનમાં લઈને કુટુંબનિયોજન કાર્યક્રમના અમલની કામગીરી રાજ્ય સરકારો, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, તાલુકા અને ગ્રામ પંચાયતો, જાહેર હોસ્પિટલો અને આરોગ્યકેન્દ્રને સોંપવામાં આવી છે. આ કાર્યક્રમના અમલ અને વહીવટ સાથે હજારો કાર્યકરો, ડોક્ટરો, પરિચારિકાઓ, મોટીવેટરો અને વહીવટી અધિકારીઓ સંકળાયેલા છે. રાજ્ય અને કેન્દ્ર કક્ષાએ તેને લગતાં અલગ ખાતાંઓ પણ ખોલવામાં આવ્યાં છે અને તેમાં ઘણાં કર્મચારીઓ કામ કરે છે. કુટુંબનિયોજન કાર્યક્રમના અમલ સાથે સંકળાયેલા આ બધા કર્મચારીઓ અને કાર્યકરોને દેશની વસ્તીવિષયક સમસ્યાઓ, જન્મ અને મરણદર, બાળકો અને માતાઓના આરોગ્યની સ્થિતિ વગેરે બાબતો વિશે જાણકારી અને તાલીમ આપવાનું જરૂરી બને છે. આવી જાણકારી અને તાલીમ દ્વારા તેઓને છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિથી વાકેફ રાખી શકાય એટલા માટે વસ્તીશાસ્ત્રીય અભ્યાસો-સંશોધનો કરતા રહેવાની જરૂર પડે છે. આવા અભ્યાસો અને સંશોધનો પરથી વસ્તીને લગતી જે માહિતી અને હકીકતો ઉપલબ્ધ બને તેનો આ કાર્યકરોને ખ્યાલ આપવામાં ઉપયોગમાં લઈ શકાય છે.

ટૂંકમાં, ભારતમાં વસ્તીઅંગેના અભ્યાસો અને સંશોધનો અનેક રીતે ઉપયોગી બને છે. ભારત અતિવસ્તીની સમસ્યાનો સામનો કરી રહેલો એક વિકસતો દેશ છે. દેશમાં આશરે 27 ટકા જેટલી વસ્તી ગરીબીની રેખા નીચે જીવે છે, બેરોજગારીનો પ્રશ્ન વધુ જટિલ બની રહ્યો છે, આર્થિક રીતે પછાત લોકોનું જીવનધોરણ અને આરોગ્યસ્તર ઘણું નીચું છે, બાળમરણનો દર ઊંચો છે, માતાઓ અને બાળકોના આરોગ્યના અનેક પ્રશ્નો છે, ધાર્મિક માન્યતાઓ અને જૂની પરંપરાઓ કુટુંબનિયોજનની સફળતા સામે અવરોધ ખડો કરે છે. આ બધી પરિસ્થિત હોવાને કારણે તેનો અસરકારક રીતે સામનો કરવા માટે વસ્તીને લગતી સાચી, આધારભૂત અને વિશ્વસનીય માહિતી કેવળ વૈજ્ઞાનિક અભ્યાસો-સંશોધનો દ્વારા જ પ્રાપ્ત થઈ શકતી હોવાથી તેનું મહત્ત્વ રહેલું છે.

* * *

Scanned with OKEN Scanner